# ૧.૬ ચોવીસ તીર્થંકરોના ગણધરો અને ગુરુગૌતમ સ્વામી

## ગણધર એટલે ?

ચોવીશે વીતરાગી તીર્થંકર પ્રભુના મુખ્ય પટ્ટધર શિષ્યને ગણધર કહેવાય છે. તીર્થંકર પ્રભુના ધર્મને, સૂત્રરૂપે રચના કરે છે. ધર્મના સંસ્થાપક તીર્થંકર કહેવાય છે. તો ધર્મના સંવાહક ગણધરો કહેવાય છે. ચતુર્વિધ સંઘના નાયક ગણાય છે. તો શ્રી સંઘ અને શિષ્ય સમુદાયના યોગ-ક્ષેમનું વહન કરનારા પણ ગણાય છે.

તીર્થંકર પરમાત્મા પછીનું સ્થાન ગણધર ભગવંતનું ગણાય છે. તેથી તે તીર્થ સ્વરૂપ પણ કહેવાય છે. તેઓ અંતર્મુહૂર્તમાં દ્વાદશાંગી (આગમસૂત્રો) ની રચના કરે છે. અને પ્રત્યેક તીર્થપતિ, ગણધરોના કરકમળમાં શાસનધુરા પ્રદાન કરે છે. પરંતુ દરેક તીર્થંકરોની જેમ ગણધરોની સંખ્યા નિશ્ચિત નથી હોતી.

આ ૨૪ તીર્થંકરોના કુલ ૧૪૫૨ ગણધરો થયાં છે. ગણધરનો એક અર્થ ગણ (સમુદાય) ને ધારણ કરે તે. ગણપતિ પણ આ જ અર્થ પ્રગટ કરે છે. પરંતુ જૈનેતરોના ગણપતિ દેવને સ્થાને છે. આ સંપૂર્ણ, માનવ શ્રેષ્ઠતમ ના સ્થાને છે. ગુરુઓના ય ગુરુ - સંપૂર્ણ ગુરુ કે આદ્ય ગુરુ તરીકે પણ તેઓને જણાવી શકાય છે.

| તીર્થંકર નંબર | પ્રથમ ગણધરનું નામ | અંતિમ છેલ્લા ગણધરનું નામ | ગણધર સંખ્યા |
|---|---|---|---|
| ૧ | શ્રી વૃષભસેન (પુંડરિક) | શ્રી ચામર | ૮૪ |
| ૨ | શ્રી સિંહસેન | શ્રી મૃગાનત | ૯૫ |
| ૩ | શ્રી ચારુ | શ્રી કાલિતિ | ૧૦૨ |
| ૪ | શ્રી વ્રજનાભ | શ્રી પદ્મગણેશ | ૧૧૬ |
| ૫ | શ્રી અમર (ચમર) | શ્રી યુધાષ્ટ | ૧૦૦ |
| ૬ | શ્રી સુવ્રત (પ્રદ્યોતન) | શ્રી સફલાંગ | ૧૦૭ |
| ૭ | શ્રી વિદર્ભ (બલદત્ત) | શ્રી અમૂઢય | ૯૫ |
| ૮ | શ્રી દિન્ન (દત્ત) | શ્રી કવીન્દ્ર | ૯૩ |
| ૯ | શ્રી વરાહક (સંઘાતિક) | શ્રી મઘવાન | ૮૮ |
| ૧૦ | શ્રી આનંદ (નંદ) | શ્રી દીપાયન | ૮૧ |
| ૧૧ | શ્રી ગૌશુભ (કચ્છપ) | શ્રી કેશકંધ | ૭૬ |
| ૧૨ | શ્રી સુભૂમ (સુધર્મ) | શ્રી મર્દકેલિ | ૬૬ |
| ૧૩ | શ્રી મંદર | શ્રી ઉર્જતી | ૫૭ |
| ૧૪ | શ્રી યશ | શ્રી સગૌરવ | ૫૦ |
| ૧૫ | શ્રી અરિષ્ટ | શ્રી રજાયતે | ૪૩ |
| ૧૬ | શ્રી ચક્રાયુધ (મોહનાશ) | શ્રી જિનેન્દ્ર કેવલ | ૩૬ |
| ૧૭ | શ્રી સ્વયંભૂ (સાંબ) | શ્રી અર્જવજિન | ૩૫ |
| ૧૮ | શ્રી કુંભ (સુષેણ) | શ્રી વિવક્ષ | ૩૩ |
| ૧૯ | શ્રી અભિક્ષક (ઇન્દ્ર) | શ્રી ઉચ્ચત | ૨૮ |

| | | | |
|---|---|---|---|
| ૨૦ | શ્રી કુંભ (મલ્લી) | શ્રી સૂરજ | ૧૮ |
| ૨૧ | શ્રી શુભ ( ધમ્માર્ક) | શ્રી જરતૂ | ૧૭ |
| ૨૨ | શ્રી નરદત્ત (વરદત્તા) | શ્રી સ્ત્યાગ | ૧૧ |
| ૨૩ | શ્રી આર્યદિન્ન (વરદત્ત) | શ્રી વિજય | ૧૦ |
| ૨૪ | શ્રી ઇન્દ્રભૂતિ (ગૌતમ) | શ્રી પ્રભાસ | ૧૧ |
| | | કુલ | ૧૪૫૨ |

jainuniversity.org

# ગુરુ ગૌતમ સ્વામી

**ગુરુ ગૌતમ સ્વામી એટલે**

૧ ગૌતમગોત્રવાળા, પૃથ્વીમાતા, અને વસુભૂતિ પિતાના, 'ઈન્દ્ર ભૂતિ' નામવાળા લાડીલા બ્રાહ્મણ,

૨ વેદ વેદાંગ–પુરાણ–મીમાંસા–ન્યાય આદિ ચૌદ વિદ્યાના પારગામી, પ્રકાંડ પંડિત શિરોમણી,

3 ૫૦ વર્ષની ઉંમરે પણ ભર જોબનથી છલકાતા, પડછંદ કાયા, વિશાળછાતી, ભરાવદાર માંસલ શરીર અને સુવર્ણ જેવો ચમકતો ઉજળો– ગોરા ગોરા (વાન) વર્ણવાળા,

૪ વિદ્વત્તા અને અહંકારના બેવડા અશ્વઉપર સવાર થયેલાં ભગવાન મહાવીરને જીતવા સમવસરણ તરફ જઈને વગર વાદ–વિવાદે પ્રભુવીરના વચનો જ સાંભળી શંકાના સમાધાન કરીને ૫૦૦ શિષ્યો સાથે સંપૂર્ણ અભિમાન મૂકી પ્રભુ વીરનું શિષ્યત્વ સ્વીકાર કરનારા,

૫ ગુરુ ગૌતમ સ્વામી જૈન ધર્મના કુલ ૧૪૫૨ ગણધરો પૈકી પ્રભુમહાવીરના સર્વ પ્રથમ ગણધર,

૬ આજીવન પરમાત્માના ચરણોમાં જ વસનારા, અને ક્યારેય પોતાના જ્ઞાનનો પોતાની માટે પણ ઉપયોગ નહિં કરનારા અર્થાત્ ગુરુઆજ્ઞાનું એક વ્રત સ્વીકારનારા,

૭ પ્રભુએ આપેલ ત્રિપદીના આધારે અંતર્મુહૂર્ત (૪૮ મીનીટ)માં સમગ્ર દ્વાદશાંગીની રચના કરનારા,

૮ પચાસ–પચાસ હજાર શિષ્યોના સ્વામી તથા અનંત લબ્ધિને ધારણ કરનારા,

૯ જીવનભર છઠ્ઠ ને પારણે છઠ્ઠ કરનારા, (બે સળંગ ઉપવાસ પછી પારણું ફરી બે ઉપવાસ પારણું)

૧૦ પ્રભુવીરની સેવા–સુશ્રુષા–ભક્તિ અને વૈયાવચ્ચ, વિનય–વિવેકપૂર્વક કરવા દ્વારા, સંપૂર્ણ સાચા શિષ્ય,

૧૧ ન આંખમાં ચંચળતા, ન વાણીમાં વ્યગ્રતા, ન ચાલમા ઉતાવળાં, ન ભોજનમાં આસક્તિ રાખનારા, પારણે એક ટંક જ વાપરનારા,

૧૨ ગંભીર ખરા પણ ભારેખમ નહિં, શાંત ખરા પણ મોં ચડાવેલા નહિં, એટલે પ્રશાંત–પ્રસન્ન, સાદા–સરળ, તપસ્વી, તેજસ્વી, જ્ઞાની, ધ્યાની, ઉદાત્ત, ઉત્તુંગ અને ઉત્તમ ગુણોને ધારણ કરનારા,

૧૩ અષ્ટાપદજી તીર્થ ઉપર તિર્યંગ્ જૃંભકદેવને પ્રતિબોધ કરવા માત્ર એક જ વાર અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી તેનું શંકાનું સમાધાન કરી વજ્રસ્વામી તરીકેનો આવતોભવ દેવને પમાડવામાં પ્રબળ કારણભૂત,

૧૪ સ્વલબ્ધિથી અષ્ટાપદ પર્વત ઉપર જઈને 'જગ ચિંતામણી સૂત્ર'ની રચના કરનારા,

૧૫ ભગવાન મહાવીરના પ્રત્યેક વચનને ઝીલી લઈને 'સેવં ભન્તે- સેવં ભન્તે' કહેનારા,

૧૬ મહાવીર પ્રભુ પ્રત્યેનો ગાઢ રાગ રાખનારાં છતાં વિતરાગી બનેલા,

૧૭ જેટલાં આત્માઓને દીક્ષા આપે તે બધાં જ કેવળજ્ઞાન અને કેવળ દર્શન પામી તે જ ભવમાં મોક્ષે પધારે એવી અગમ્ય શક્તિના સ્વામી,

૧૮ પ્રભુ વીરના અતિ વિનમ્ર – નિરાભિમાની અને સંપૂર્ણ સમર્પિત બનેલાં શિષ્ય પદને શોભાવનારા,

૧૯ પ્રભુવીરના નિર્વાણના સમાચાર સાંભળી, બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડનારા અને વિરહનો વિષાદ ધારણ કરી અંતે એકત્વ ભાવના ભાવતાં – વીર વીરના નાદમાં બેસતા વર્ષે (કા.સુ.૧)ના વીતરાગી બનનારા,

૨૦ વર્તમાનકાળે પણ સંસારની આધિ–વ્યાધિ અને ઉપાધિને હરનારા, દરેકે દરેક સંઘમાં નૂતન (બેસતાં) વર્ષે સવારમાં શ્રી ગૌતમસ્વામી નો રાસ અવશ્ય ગણનારા / સાંભળવા મળે છે. જેના મહિમાથી મનની અપૂર્વ શાંતિ  અને સમૃદ્ધિ જીવ અનુભવી શકે છે.

૨૧ 'આનંદ શ્રાવક'ને ધર્મલાભ દીધા પછી શ્રાવકે કહ્યું કે મને અવધિજ્ઞાન થયું છે. અમુક યોજનો સુધી ચારે દિશામાં જોઈ શકુ છું. પરંતુ તે વાત અસત્ય લાગતાં તેમને મિચ્છામિ દુક્કડમ્ માંગવાનું કહેતાં આનંદે પ્રભુવીરને પુછી જોવાનું જણાવ્યું અને પ્રભુવીરે કહ્યું કે 'હાં તે આનંદ અવધિજ્ઞાની છે.' અને તે તેમની તરત ગોચરી–પાણી વાપર્યા વિના ફરીવાર આનંદ શ્રાવકના ઘરે આવી તેમની હાર્દિક ક્ષમાપના માંગી કે તમે સાચા હું જાણવામાં ખોટો – મને 'મિચ્છામિ દુક્કડમ્' આપો એવું કહી શકનારા બાળક કરતાં પણ અતિસરળતાને ધારણ કરનારા.

૨૨ ૫૦ વર્ષે દીક્ષા સ્વીકારી, ૪૨ વર્ષ સંયમપર્યાય પાળી, કુલ ૯૨ વર્ષે નિર્વાણ પામી મોક્ષે પધારનારા, પ્રભુ મહાવીરના પ્રથમ શિષ્ય અને વીર શાસનના આદ્યગુરુ,

રોજ ૧૦૮ – ૨૭ કે ૯ વાર ૐ હ્રીં – અરિહંત ઉવજ્ઝાય શ્રી ગૌતમ સ્વામિને નમઃ મંત્ર ગણવો